# મત્લાવીશેષ

(ગઝલના પ્રથમ શે'રને 'મત્લા' કહેવાય છે)

શબ્દ કેવળ નથી, ખુમારી છે;
જાત કાગળ પર ઉતારી છે.

આસીફખાન આસીર

***  *** .2. ***  ***

હવા, ભીંત, આકાશની છત મળી છે,
મને આમ, ખોદાઈ આખી ફળી છે.

રાહુલ શાહ

***  *** .3. ***  ***

છેક ગળથુથીથી ગંગાજળ સુધી ચાલ્યા અમે,
એમ લાગ્યું, ફક્ત બસ મૃગજળ સુધી ચાલ્યા અમે

સુરેશ વીરાણી

***  *** .4. ***  ***

કોણ કહે છે જીન્દગીમાં કંઈ મને સંકટ નથી,
હસ્તરેખા કોઈની પણ સાવ સીધી સટ નથી.

સુષમ પોળ

***  *** .5. ***  ***

જરીક સત્ય શું કહો કે તાવ આવી જાય છે,
ને જુઠ સામે આગવા બચાવ આવી જાય છે.

પ્રજ્ઞા વશી

***  *** .6. ***  ***

જીત્યો પ્રથમ સ્વભાવ, પછી કામ થઈ ગયું;
છોડ્યા બધા લગાવ, પછી કામ થઈ ગયું.

પારુલ ખખ્ખર

*** *** .7. *** ***

મખમલ સમા એ સ્પર્શના તારા કમાલથી,
પલળી ગયો હું ભીતરે, કોરા ગુલાલથી.

વીપુલ માંગરોલીયા 'વેદાંત'

*** *** .8. *** ***

એમ ના બોલો તમે ગમતા નથી,
માત્ર તમને ચાહું એ ક્ષમતા નથી.

દીવ્યા મોદી

*** *** .9. *** ***

એક દોસ્ત એવો હોય, બધી વાત સાંભળે;
જો પીઠ થાબડે તો, કદી કાન આમળે.

મંથન ડીસાકર

*** *** .10. *** ***

ડાયરી, બોલપેન ને ચશ્માં મળે,
તો મને ઈશ્વર મળે, અલ્લા મળે !

નીનાદ અધ્યારુ

*** *** .11. *** ***

જીન્દગાની આખરે છળ નીકળે,
ઝાંઝરી સમજો ને સાંકળ નીકળે!

મેહુલ પટેલ 'ઈશ'

*** *** .12. *** ***

અંતકાળે પાસપાસે રાખજો બન્ને કબર,
એક સાથે પ્રેમના નામે થશું બન્ને અમર.

પ્રશાંત સોમાણી

*** *** .13. *** ***

એમ પીડાને હું હરાવું છું,
તું વધારે છે; હું વધાવું છું.

સુનીલ શાહ

*** *** .14. *** ***

સજાવટ હોય સુંદર; તે છતાં સુંદર નથી હોતાં,
છે કારણ એ જ કે, સઘળાં મકાનો 'ઘર' નથી હોતાં.

ગુણવંત ઠક્કર 'ધીરજ'

*** *** .15. *** ***

એકધારા કામથી અકળાય છે,
એટલે આ મોસમો બદલાય છે.

સંધ્યા ભટ્ટ

*** *** .16. *** ***

આ જાતમાં થયા છે સુધારા સમય જતાં,
કેડીથી જેમ થાય છે રસ્તા સમય જતાં.

લક્ષ્મી ડોબરીયા

*** *** .17. *** ***

ભર વસંતે પાનખર છે આમ તો,
હરઘડી ખરવાનો ડર છે આમ તો.

રાકેશ હાંસલીયા

*** *** .18. *** ***

રુપ તો ચાહવાનું બહાનું છે,
બહાનું છે; તે છતાં મઝાનું છે.

હરીશ ઠક્કર

***   *** **.19.** ***   ***

કેટલો વીશ્વાસ ઓઢી બેસવાનું હોય છે !

પ્રેમમાં તો શ્વાસ ઓઢી બેસવાનું હોય છે.

હેમાંગ જોશી

***   *** **.20.** ***   ***

સદરહુ લોહીથી સઘળું લખાવ બાબતમાં,

બયાન પથ્થરે માંગ્યું છે ઘાવ બાબતમાં.

પંકજ વખારીયા

***   *** **.21.** ***   ***

અધીરો છે તને ઈશ્વર બધુંયે આપવા માટે,

તું ચમચી લઈને ઉભો છે દરીયો માગવા માટે?

અનીલ ચાવડા

***   *** **.22.** ***   ***

પત્રમાં ઈચ્છા બધી ચંચળ લખું,

લાવ, ઈશ્વરને હવે કાગળ લખું.

બી.કે. રાઠોડ ‘બાબુ’

***   *** **.23.** ***   ***

માર્ગમાં મોકા રખડતા હોય છે,

એ રખડતાંને જ મળતા હોય છે.

ગૌરાંગ ઠાકર

***   *** **.24.** ***   ***

કીનારાઓ અલગ રહીને ઝરણને જીવતું રાખે,

અલગતા આપણી એમ જ સ્મરણને જીવતું રાખે.

રઈશ મનીઆર

*** *** .25. *** ***

આપણી અંદર મરી, પરવારી ગયેલા કોઈએ,
બાગમાં પથ્થર બનીને જન્મ લેવો જોઈએ.

મુકુલ ચોકસી

*** *** .26. *** ***

બાકી શરીર કૈં નથી, ચહેરો છે દોસ્તો;
ઓળખ, અટક ને નામનો પહેરો છે દોસ્તો.

નયન દેસાઈ

*** *** .27. *** ***

ચકલીએ ચાંચ મારી, ને ફોટો પડી ગયો,
દીવાલ પરથી આખો કબીલો પડી ગયો !

ભગવતીકુમાર શર્મા

*** *** .28. *** ***

ધોઈ નાખ્યાં હાથ સ્વજનથી, કોણ હવે શત્રુમાં ખરડે?
ઉંડા ઘા તો કંઈક સહ્યા, પણ જાન ગયો છે એક ઉઝરડે.

'અમર' પાલનપુરી

**સમ્પાદન અને અક્ષરાંકન : સુનીલ શાહ**


સંકલનકાર–સંપર્ક: સુનીલ શાહ,
N-101, ન્યુઝ એવન્યુ એપાર્ટમેન્ટ, અડાજણ, આનન્દમહેલ રોડ, સુરત- 395 009
Phone : 0261-273 2226 Mobile : 94268 91670
eMail : sunilshah101@gmail.com Blog : http://sunilshah.wordpress.com


@@@@@

‘સન્ડે ઈ–મહેફીલ’ના આ ગઝલઅંકના અતીથી સમ્પાદક અને સંકલનકાર સુરતના યુવાગઝલકાર ભાઈ શ્રી ગૌરાંગ ઠાકર (gaurang_charu@yahoo.com )નો ખુબ ખુબ આભાર.. –ઉત્તમ ગજ્જર

@@@

‘સન્ડે ઈ.મહેફીલ’ – વર્ષ : તેરમું – અંક : 388 – November 26, 2017

‘ઉંઝાજોડણી’માં સાભાર અક્ષરાંકન : શ્રી. સુનીલ શાહ sunilshah101@gmail.com

♦●♦

Have you ever visited : http://www.gujaratilexicon.com ?

More than 3,40,79,000 Gujarati Language lovers have visited

http://www.gujaratilexicon.com

More than 82,63,000 have visited Digital Bhagwadgomandal

http://www.bhagwadgomandal.com

More than 9,50,000 have visited Lokkosh

http://lokkosh.gujaratilexicon.com

More than 6,94,000 have visited Global-Gujaratilexicon

http://global.gujaratilexicon.com

@@@@@@@@@